શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક પ્રભાગ હેઠળના વર્ગ-૨ અને ૩ સંવર્ગોમાં નિમણૂંક માટે દિવ્યાંગતાનો પ્રકાર નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા.૫/ક (પાર્ટ-૧)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૮/૦૧/૨૦૨૨

વંચાણે લીધા–

**(1.)** સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : સીઆરઆર૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨

**(2.)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તારીખ ૧૮/૦૮/૨૦૨૧૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક : અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).

**(3.)** નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૦૧/૧૨/૨૦૨૨૦૨૧નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૯/ક/૨૯૦૭.

**(4.)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તારીખ 03/01/૨૦૨૨નો પત્ર ક્રમાંક : અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).

આમુખ:

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૩૩ (૧)ની જોગવાઇ મુજબ દરેક સંવર્ગમાં દિવ્યાંગ અનામત અન્વયે કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે સુનિશ્ચિત કરવાનું રહે છે. સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૭/૦૯/૨૦૨૧ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી અનામતની ટકાવારી નિયત કરવામાં આવેલ છે તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સંદર્ભ (૨) હેઠળના પરિપત્રથી ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ ૩૪માં થયેલ જોગવાઇ મુજબ સમિતિની રચના કરવામાં આવેલ છે.

ઉક્ત સમિતિની તારીખ ૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં આ વિભાગના પ્રાથમિક પ્રભાગ હેઠળના સંવર્ગો ઉપર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે અંગે થયેલ નિર્ણય કરવામાં આવેલ અને થયેલ નિર્ણય મુજબની કાર્યવાહી નોંધ તારીખ 03/01/૨૦૨૨ના સંદર્ભ (૪) હેઠળના પત્રથી યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે.

ઉક્ત કાર્યવાહી નોંધ મુજબ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક-વર્ગ ૩, મુખ્ય શિક્ષક વર્ગ ૩, મદદનીશ કેળવણી નિરીક્ષક વર્ગ ૩ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ (રાજ્યપત્રિત)ના સંવર્ગો માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ટકાવારી મુજબ આ વિભાગના પ્રાથમિક પ્રભાગ હેઠળના નીચેના કોષ્ટકમાં કોલમ (૨) દર્શાવેલ સંવર્ગો માટે કોષ્ટકના કોલમ નં.(૩)માં દર્શાવેલ દિવ્યાંગતાને માન્ય રાખવામાં આવે છે.

| Sr. No. | Name of the post | Category of Disability | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | 3. | | | |
| | | **A** | **B** | **C** | **D & E** |
| ૧ | વિદ્યાસહાયક / પ્રાથમિક શિક્ષક વર્ગ-૩ | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70%) MD (40-70%) |
| ૨ | મુખ્ય શિક્ષક વર્ગ-૩ | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70%) MD (40-70%) |
| ૩ | મદદનીશ કેળવણી નિરીક્ષક વર્ગ-૩ | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70%) MD (40-70%) SLD |
| ૪ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ (રાજ્યપત્રિત) | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70%) MD (40-70%) SLD |

Code and Functional Classification: Blind (B), Low Vision (LV) (40-70%), [Hard of Hearing (HH) (40-70%)], [Locomotor Disability (LD) :- OA(One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm One Leg), LC (Leprosy cured), CP (Cerebral palsy), Dw (Dwarfism), AAV (Acid attack victim), MI (Mental illness),
[MD s (Multiple Disabilitie) :-Disabilities included in group (A) to (D)) (40-70%)]

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jhel
(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (ટપાલ મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.